# ECHO OF HIS CALL

## સાદનો પ્રતિસાદ

GUJARATI

India's National Spiritual Newspaper

₹ 10/-

ECHO OF HIS CALL 1969-2019 GOLDEN JUBILEE
REACHING NATIONS

Published monthly in ENGLISH, TAMIL, MALAYALAM, TELUGU, HINDI, KANNADA, MARATHI, BENGALI, GUJARATI, ODIYA, ASSAMESE, PUNJABI, NEPALI, URDU, SINHALA & AFRIKAN

Editor : S. SAM SELVA RAJ | 16 Languages | Associate Editor : Bro. PANKAJ C. WADIA

VOL: XXV | MARCH 2023 | NO: 01


**પવિત્ર બાઈબલ**
**કૃપા કરી આ ભાગ મોઢે કરો**
**પ્રભુની સ્તુતિ થાઓ!!**
**ગીતશાસ્ત્ર ૬૬:૧૨-૨૦**

૨૬. કેમ કે યહોવા તારું રક્ષણ કરશે, અને તારા પગને સપડાઈ જતો બચાવશે.

૨૭. હિત કરવાની શક્તિ તારા હાથમાં હોય તો જેને માટે તે ઘટારત હોય તેનાથી તે પાછું ન રાખ.

૨૮. તારી પાસે હોય, તો તારા પડોશીને એમ ન કહે કે, જા, ને ફરી આવજે, અને હું તને કાલે આપીશ.

૨૯. તારા પડોશીનું ભૂંડું કરવાની પેરવી ન કર, કેમ કે તે તારી પડોશમાં નિર્ભય રહે છે.

૩૦. કોઈ માણસે તારું કંઈ નુકસાન કર્યું ન હોય, તો વિનાકારણ તેની સાથે તકરાર ન કર.

૩૧. તું જુલમી માણસની અદેખાઈ ન કર, અને તેનો એકે માર્ગ પસંદ ન કર.

૩૨. કેમ કે આડા માણસથી યહોવા કંટાળે છે, પણ પ્રામાણિક જનો તેનો મર્મ સમજે છે.

૩૩. યહોવાનો શાપ દુષ્ટના ઘર પર ઊતરે છે; પણ તે સદાચારીઓના રહેઠાણને આશીર્વાદ દે છે.

૩૪. નિશ્ચે તે તિરસ્કાર કરનારાનો તિરસ્કાર કરે છે; પણ તે નમ્ર જનોને કૃપા આપે છે.

૩૫. જ્ઞાનીઓ ગૌરવનો વારસો પામશે; પણ મૂર્ખોને ફજેતી જ મળશે.

# તમારી દિલગીરી આનંદરૂપ થઈ જશે! (યોહાન ૧૬:૨૦)

મુખ્ય મંડળી પર પાળક એસ સામ સેલ્વરાજ દ્વારા અપાયેલો સંદેશો

**YOUR SORROW WILL BE TURNED INTO JOY!**

*તમારી દિલગીરી આનંદરૂપ થઈ જશે!*
*તમારા દુઃખો અને આસુંઓ જતા રહેશે;*
*દીકરા નિરાશ ન થા, દીકરી પણ નિરાશ ન થા.*
*આપણા ઈસુ તમને તજી દેશે નહિ.*

૧. *ભૂતકાળનો વિચાર કરીને ઉત્સાહભંગ ન થાઓ,*
*ભૂતકાળમાં જે થયું તે ભૂલી જાઓ,*
*ઈશ્વર નવી બાબત કરશે; તમે તે આજે જોશો, આજે જ જોશો!*
*ઉત્સાહભંગ ન થાઓ, હા; ઉત્સાહભંગ ન થાઓ,*
*આપણા પ્રભુ ઈશ્વર તમને તજી દેશે નહિ.*

૨. *ઈશ્વર ભંગીત હૃદયને સાજા કરે છે,*
*તેઓ ઈજાગ્રસ્તને ટેકો આપે છે;*
*બધા જખમો બાંધે છે, આપણા આંસૂંઓ લૂછી નાખે છે;*
*તેઓ તમારા આંસુઓ લૂછી નાખશે,*
*ઉત્સાહભંગ ન થાઓ, નિરાશ ન થાઓ,*
*ઈશ્વર તમને તજી દેશે નહિ.*

૩. *તેઓ તમને તમારી શક્તિ ઉપરાંત વધુ પરિક્ષણમાં આવવા દેશે નહિ;*
*તમને જોઈતું સામર્થ્ય આપશે;*


ઈકો ઓફ હીજ કોલ



**યૂટ્યૂબ ખ્રિસ્તી ચેનલ !**

**તમને પાળક સામ સેલ્વરાજ**
**સાથે પ્રાર્થનામાં જોડાવાની તક મળશે!**
**૫ મિનિટનો સંદેશો!!**

અંગ્રેજી તથા હિન્દી
દરરોજ-સવારે ૫.૦૦ વાગે

તામિલ તથા તેલગુ
સોમવારથી શનિવાર સુધી-સવારે ૫.૦૦ વાગે
તામિલ રવિવારની ભજનસેવા-સવારે ૮.૦૦ વાગે

# ECHO OF HIS CALL - (1969-2019 GOLDEN JUBILEE YEAR)

## from your dearly beloved brother...



REACHING NATIONS



### આપણી મિશન નીતિ

આપણે સમકાલીન પેઢીને પ્રાચીન અને પ્રારંભિક પ્રેરિતોનું ઉચ્ચગુણવત્તાવાળું શિક્ષણ સમજાવવું જોઈએ અને શીખવવું જોઈએ. આ સમયની જરૂરિયાત છે.


CHIEF EDITOR
Angeline Selvakumari Henry, M.A., M.Ed.
MANAGING EDITOR
Pastor Alex Samson Sam, B.Th., M.Div.
ADMINISTRATION
Bro. N. Prakasam, M.A., General Manager
EDITORIAL BOARD
Sis. Jesy Veena Sam
Sis. Serena Bevin, M.A., M.Phil., B.Ed.
Dr. A. Richard Samuel, M.A., Ph.D.
Rev. Dr. K.R. Rajasekaran
EDITOR, PUBLISHER & PRINTER
Pastor S. SAM SELVA RAJ
Echo of His Call Printers
10, Mohammed Abdullah 2nd Street,
Chepauk, Chennai- 600 005, India.
Phone : (+ 91- 44) 2852 8282, 2852 9293, 2854 7766
Cell : (+91) 98410 71852, 95661 31858
CORE LEADERS
Bro. K. Puratchivendan
Bro. A. Edward Durai
Bro. A. Alvin
Bro. K. Abraham
Sis. Dhanalakshmi Chinnaiah
E.mail ID
sam@echoofhiscall.org
biblecor@yahoo.co.in
WEBSITES
www.echoofhiscall.org
www.stpaulsmatriculation.com
YOUTUBE CHANNEL
Echo of His Call


**"યહોવા મારો પાળક છે; તેથી મને કશી ખોટ પડશે નહિ." - ગીતશાસ્ત્ર ૨૩:૧**

પ્રભુમાં પ્રિય વહાલાઓ,

અમે આપણા પ્રભુ અને તારનાર, ઈસુ ખ્રિસ્તના પ્રેમાળ નામમાં તમને સલામ પાઠવીએ છીએ.

અમારા સામયિક, **ઈકો ઓફ હીઝ કોલ** મારફત જે લોકો ઈશ્વરના આશીર્વાદો પ્રાપ્ત કરે છે, તે માટે અમે આપણા પ્રભુ ઈશ્વરને મહિમા આપીએ છીએ. અમે આપણા પ્રભુઓના પ્રભુની સ્તુતિ કરીએ છીએ કેમ કે અમે જાણી શક્યા છીએ કે અમે જે અમારા નવા શરૂ કરેલા યૂટ્યૂબ ચેનલ મારફત વહેલી સવારનો ૫ મિનિટનો પ્રભુનો સંદેશો પ્રસારિત કરીએ છીએ, તે દ્વારા તમે આશીર્વાદિત થયા છો. અમે જે શક્ય છે, તે કરીએ છીએ, જેથી તમે લાભ મેળવી શકો.

જેમ જેમ દિવસો જતા જાય છે, તેમ પ્રભુનું સેવાકાર્ય વધતુ જાય છે. લોકો ઘણા આશીર્વાદિત થયા છે. પણ અમે જે મુશ્કેલીઓ અને તકલીફો પ્રારંભિક મંડળીના પ્રેરિતોએ અનુભવી હતી, તેવી જ મુશ્કેલીઓ અને તકલીફો અનુભવી રહ્યા છીએ. જ્યારે આપણે વિવિધ સેવાકાર્યો અને સુવાર્તા દ્વારા શેતાનના ગઢને તોડી પાડીએ છીએ, ત્યારે તે આશ્ચર્યકારક નથી કે શેતાન ચિઢાઈ જાય છે.

પણ અમે નિરાશ થતા નથી. કોઈપણ સમાધાન વગર, પ્રથમના પ્રેરિતોએ અને આપણા પૂર્વજોએ જે સિધ્ધાંતો શીખવ્યા હતા અને તે પ્રમાણે ઉપદેશ આપ્યો હતો, તેજ પ્રમાણે અમે કરીએ છીએ. અમે તમને અમારા માટે પ્રાર્થના કરવાની વિનંતી કરીએ છીએ. કોઈપણ રીતે શક્ય હોય તે રીતે અમને ટેકો આપવા માટે આગળ આવવા તમારું સ્વાગત છે. અમને તમારી સહાયતાની અને સંગતની જરૂર છે.

અમે આ મહિનામાં અને આવનાર મહિનાઓમાં ઘણી મુસાફરીઓ કરવા જઈ રહ્યા છીએ. કૃપા કરીને તમારી પ્રાર્થનાઓમાં અમને યાદ રાખશો. આત્માઓ માટે વાસ્તવિક બોજ સાથે કરવામાં આવેલી સેવાનો માર્ગ ખરેખર મુશ્કેલ છે. આપણા ઘણા ઈશ્વરના સેવકોના કુટુંબોના સભ્યો ઘણી રીતે માંદા છે. અમે તમારી પ્રાર્થનાઓ અને પ્રેમ દ્વારા દિલાસો મેળવી શક્યા છીએ.

અમે તમારા પત્રો અને સૂચનોની અપેક્ષા રાખીએ છીએ. અમે પણ તમારા માટે પ્રાર્થના કરીએ છીએ. વધુમાં અમે તમારી સર્વ પ્રાર્થના વિનંતીઓ ઈશ્વર આગળ ગંભીરતાથી લઈ જઈએ છીએ અને તમારા માટે પ્રાર્થના કરીએ છીએ. અમે ઈશ્વરના પ્રેમ સાથે તમને પ્રેમ કરીએ છીએ. ઈશ્વર સર્વ વહાલા ભાઈઓ અને બહેનોને બદલો આપે છે, જેઓ નિયમિતપણે તેમના દાનો દ્વારા અમને સહાયતા આપે છે. આમીન.


**ઈસુ ખ્રિસ્તમાં તમારા સેવકો**
**પાળક એસ. સામ સેલ્વ રાજ અને એલેક્ષ સેમસન સામ**
(+91) 98412 71858 / 98410 71858,
E.mail : samselvaraj333@gmail.com


*તેઓ તમને બહાર નીકળવાનો માર્ગ બતાવશે, હા બહાર નીકળવાનો માર્ગ!*
*ઉત્સાહભંગ ન થાઓ; નિરાશ ન થાઓ;*
*તેઓ તમને તજી દેશે નહિ.* *-પાળક એસ. જે. બર્ચમન્સ*

*આ દૈવી સંદેશ છે જે ઈશ્વર તમને આપે છે!*

છેલ્લા થોડા દિવસોમાં, મને વિવિધ પ્રકારના અને દેશોના લોકોને મળવાની તક મળી હતી. હું વિદ્વાનોને, અગ્રણી ડોક્ટરોને, રાજકીય સત્તાવાળાઓને, અધિકારીઓને, ઉદ્યોગપતિઓને, પૈસાદાર લોકોને, સલાહકારોને, સામાન્ય અને મધ્યમ વર્ગના લોકોને, અજાણોને, ઈશ્વરનો ભય રાખનારાઓને, વિદ્યાર્થીઓને,

મુસાફરોને, યાત્રાળુઓને, વેપારીઓને, અભિનેતાઓને, લેખકોને, જે લોકો પોતાને વિશ્વાસુઓ માને છે, એવાઓને અને ઈશ્વરના સેવકોને મળ્યો હતો. હું એક રીતે અથવાં અન્ય રીતે વિવિધ પ્રકારની મુશ્કેલીઓ અથવા સંઘર્ષોનો સામનો કરતા તેમનો સાક્ષી બની શક્યો છું. તેથી જ કેમ લોકો અલગ અલગ ધાર્મિક સ્થળોની મુલાકાત લે છે, ઈશ્વરને શોધતા.

કેટલાક વિશ્વાસુ લોકો ક્યારેક એવી બાબતો કરે છે જે તેઓ જાણતા નથી. કેટલાક તેમની યાત્રાના સ્થળની મુલાકાત લેવાની તૈયારી માટે ઘણા દિવસો સુધી તપ કરે છે; પણ તેમના નીકળવાના પહેલા, કેટલાક તેમના માટે પ્રાર્થના કરવા મારી મુલાકાત લે છે. હું તેને નાની બાબત માનતો નથી કે તેનો ઉપહાસ કરતો નથી. પણ શું આપણે તેમનામાં ઉતાવળ અને ખાલીપણું જોઈ શકતા નથી? સારા લોકો માટે, તે તેમની પ્રથા અને સંસ્કૃતિ છે, જે ખરો છૂટકારો મેળવવા માટે અવરોધ તરીકે ઊભા રહે છે.

**આ જગત, જે મુશ્કેલીઓ અને અશાંતિથી ભરેલુ છે, તેમાં થોડા જ લોકો ઈશ્વરના રાજ્યને માટે વિચાર કરે છે, અને તેની અપેક્ષાને લીધે, તેઓ જગતની ટેવો અને પરંપરાઓથી પોતાની જાતને અલગ રાખે છે અને શાંતિ અને આનંદમાં, તેમની પવિત્રતા જાળવતા રહે છે. તે માટેનું કારણ શું છે? તે તો આપણા પ્રભુ ઈસુના પુનરુત્થાનનું સામર્થ્ય છે, જે સામાન્ય લોકોના જીવનોમાં કાર્યો કરે છે. આપણ દરેકને આ અનુભવ ચોક્કસ હોવો જોઈએ.**


જ્યારે ઈસુ ખ્રિસ્તના પુનરુત્થાનનું સામર્થ્ય કોઈનાં જીવનમાં આવે છે, જો કે તે નકામો હોય, તો પણ તે ઘણો ઉપયોગી માણસ બનશે. તેમ જ જ્યારે આ સામર્થ્ય લાંબા સમયથી માંદી વ્યક્તિના જીવનમાં મધ્યસ્થી કરશે, ત્યારે તેનો રોગ નાસી જશે! ઈસુએ કહ્યું, "**...જે મારા પર વિશ્વાસ કરે છે તે જો કે મરી જાય તો પણ જીવતો થશે.**" યોહાન ૧૧:૨૫. જો કોઈ વ્યક્તિનું એક અંગ કામ કરતું ન હોય, તો જ્યારે તે પ્રભુ ઈસુ ખ્રિસ્તનો તેના વ્યક્તિગત તારણહાર તરીકે સ્વીકાર કરશે અને વિશ્વાસ કરશે કે તેઓ ઈશ્વરપુત્ર છે અને પસ્તાવો કરશે, ત્યારે તે પ્રભુનું અલૌકિક સાજાપણું મેળવશે અને તે એક સામાન્ય માણસ તરીકે જીવી શકશે.

## લાજરસ અને ઈસુ ખ્રિસ્ત !

ઈસુ ખ્રિસ્તનો મિત્ર, લાજરસ મરણ પામ્યો હતો. પણ ઈસુ ખ્રિસ્તે લાજરસને મૂએલામાંથી ઉઠાડ્યો હતો. જો કે, મોટી ઉમરને કારણે તે પાછળથી મરણ પામ્યો હશે, પણ પ્રભુ ઈસુ ખ્રિસ્ત, જેઓ વધસ્તંભ પર મૃત્યુ પામ્યા હતા, તેઓ ત્રીજે દિવસે મૂએલામાંથી પાછા ઉઠ્યા હતા અને ફરી મરણ પામ્યા ન હતા! જે લોકો દાવો કરે છે કે તેઓ ઈશ્વરના અવતાર છેં, તેઓ મરણ પામે છે. જે કબરોમાં તેમના શરીરોને દાટવામાં આવે છે, તે હમેશા બંધ જ રહે છે. પણ પ્રભુ ઈસુ ખ્રિસ્તની કબર જ ફકત હજુ સુધી ઉઘાડી છે. આ ઐતિહાસિક રીતે સાબિત થયેલું છે.

રોમન સત્તાધારીઓએ અને મંદિરના આગેવાનોએ ઈસુની કબર પર પૂરી સુરક્ષાનો જાપતો રાખ્યો હતો. પવિત્રશાસ્ત્ર કહે છે, "**પછી તેઓ ગયા, ને પથ્થર પર મહોર કરીને તેઓએ કબર પર જાપતો રાખ્યો અને ચોકીદારો તેમની સાથે હતા.**" માથ્થી ૨૭:૬૬. પણ પ્રભુ ઈસુ ખ્રિસ્ત ત્રીજે દિવસે મૂએલામાંથી પાછા ઊઠ્યા હતા. (માથ્થી ૨૮:૧-૮).

મગ્દલાની મરિયમ તથા બીજી મરિયમ સાબ્બાથ પછીના અઠવાડિયેના પહેલે દહાડે, કબર જોવા આવી હતી. જો કે પ્રભુ ઈસુ ખ્રિસ્તે અગાઉ જ તેમના શિષ્યોને કહ્યું હતું કે તેઓ ત્રીજે દિવસ મૂએલાંમાંથી પાછા ઊઠશે. અને જેઓ તેમની સાથે સાડાત્રણ વરસો સુધી રહ્યા હતા અને તેમની સાથે સેવાકાર્ય ર્ક્યુ હતું, તેઓ સઘળા તેમના ઘરોમાં બેસી રહ્યા હતા. તેઓ પ્રભુ પ્રત્યે તેમનો ખરો પ્રેમ દર્શાવવામાં નિષ્ફળ ગયા



**Statement about ownership and other particulars about the Newspaper Echo of His Call (Gujarati) - Form IV (See Rule 8)**

| | | |
|---|---|---|
| 1. Place of Publication | : | **New No. 8 & 10, Old No. 18 & 19, Mohammed Abdullah 2nd Street, Chepauk, Chennai - 600 005.** |
| 2. Periodicity | : | **Monthly** |
| 3. Printer, Editor, Owner & Publisher | : | **S. Sam Selva Raj** (Same Address) |
| 4. Nationality | : | **Indian** |

I, **S. Sam Selva Raj** hereby declare that the particulars given above are true to the best of my knowledge and belief.

**March 2023** **S. Sam Selva Raj.**

હતા. આ વાતે તેમને પાછળથી દુઃખ અને શોક અપાવ્યા હતા. પણ ઈસુએ તેમની ખામીઓને મન પર લીધી ન હતી. પણ તેમણે તેઓને દર્શન આપ્યુ, દિલાસો આપ્યો અને તેમને સામર્થ્યવાન પ્રેરિતોમાં બદલી નાખ્યા હતા અને તેમની દિલગીરી અનંદરૂપ કરી હતી.

વહાલા મિત્રો, તમારી નાની શંકાઓ, ઈચ્છાઓ, દેહની વાસનાઓ તમને પ્રભુના પ્રેમથી દૂર લઈ ન જાય, જો કે તમે ઘણા પ્રસંગોએ તથા ઘણી રીતોએ પ્રભુના પ્રેમને ચાખ્યો છે. દુઃખી ન થાઓ, તમારી ખામીઓની કબૂલાત કરો અને **પાછા ઈસુની પાસે આવો, તમારી દિલગીરી આનંદરૂપ થઈ જશે!**

## ઈશ્વરના બાળકો માટે સાવચેતી!

હું તમને બે નિયમો વિશે કહું છું જે મારા મરહુમ પાળક જી. સુંદરમે મંડળીને આપ્યા હતા કે કેવી રીતે કોઈ પ્રભુના આનંદને મેળવી શકે, તેમની સાથેની સંગતને સુરક્ષિત રાખીને.

કોઈપણ ઈશ્વરનો સેવક કે સુવાર્તિક દુનિયાના કોઈપણ ભાગમાં જઈ શકે છે અને પ્રભુનું સેવાકાર્ય કરી શકે છે. પણ તેમણે તેમની કમરે એક દોરડું બાંધવાનું છે, અને તેનો એક છેડો મંડળી સાથે બાંધવાનો છે, જે પ્રભુએ તમને આપી છે. જો રવિવારે તમારી પાસે કોઈ સેવાનું કાર્ય ન હોય, તો તમારે તમારી મંડળીની ભજનસેવામાં હાજરી આપવી જોઈએ, ઈશ્વરનું વચન પ્રાપ્ત કરવું જોઈએ અને તેમની આજ્ઞા પાળવી જોઈએ.

બીજુ, તેમની કૃપાથી આપણે દરેકજણે પાપભર્યા વિચારોથી, પાપભરી આદતોથી, ખરાબ સંબંધોથી છૂટકારો મેળવ્યો છે. પણ આપણે સાવચેત રહેવું જોઈએ કે આપણે પાપ તરફ પાછા ન જઈએ, જેમાંથી આપણો છૂટકારો થયો છે. ત્યાં શક્યતાઓ હોઈ શકે કે તેઓ આપણા પર હુમલો કરે. સાવચેત રહો!

ઉદાહરણ તરીકે, જો તમે ખરાબ ટેવથી આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તની કૃપાથી છૂટકારો મેળવ્યો હોય, તો તમારે છૂટકારાને ખંતથી સુરક્ષિત રાખવો જોઈએ. તમારે તે જગ્યાની પાસે જવું ન જોઈએ અને તમારા પૈસા વાપરવા માટે ત્યાં જવું ન જોઈએ. તેમજ તમારે તમારા જૂના ખરાબ મિત્રોથી દૂર રહેવું જોઈએ અને આવા સંબંધો ક્યારેય રાખવા ન જોઈએ. જો તમે તમારા ઠરાવમાં નિશ્ચિત છો, તો તમને જય મળશે અને સંપૂર્ણ આનંદ પણ.

## મગ્દલાની મરિયમ તથા બીજી મરિયમ!



મગ્દલાની મરિયમ, જેણી સાત ભૂતોથી પીડાતી હતી, તેને ઈસુથી છૂટકારો મળ્યો



હતો. તેણી, બીજી મરિયમ સાથે, ઈસુની કબરે ગઈ હતી, જ્યાં ઈસુના શરીરને દાટવામાં આવ્યું હતું; ત્યાં મોટો ધરતીકંપ થયો, કેમ કે પ્રભુનો દૂત આકાશમાંથી ઉતર્યો અને ત્યાં આવ્યો અને કબરના દ્વાર પરથી પથ્થર ગબડાવ્યો અને ત્યાં બેઠો. (માથ્થી ૨૮:૨)

વહાલા ભાઈ, બહેન, ત્યાં કદાચ પથ્થર હોય, જે તમારા જીવનને અવરોધે, જેને તમે ગબડાવી શકતા નથી. કેટલીક વખત તે તમારાથી કે કોઈ બળવાનથી કે ધનવાનથી હલાવી શકાતો નથી. પણ બીહો મા,

(આગળ પાન ૬ પર...)

नहेम्याह बाइबल कॉलेज
रेसिडेन्शल कॉलेज, चेन्नई।
माध्यमः हिन्दी
सदस्यता के लिए पंजीकृत उम्मीदवार - ATA
सुविख्यात अंतर्राष्ट्रीय मसीही अगुवे तथा पिछले 53 वर्षों से सेवारत वरिष्ठ पासवान
सर्टिफिकेट इन थियोलॉजी – 1 साल
डिप्लोमा ऑफ थियोलॉजी – 2 साल
योग्यता 10 वी या अधिक
जल्दी करें!
Contact : The Chairman, Nehemiah Bible College.
10, MOHAMMED ABDULLAH 2ND STREET, CHEPAUK, CHENNAI - 600 005, INDIA.
Phone : (+91-44) 2852 8282, Cell : (+91) 98410 71852 / 95661 31858
E.mail : sam@echoofhiscall.org / Website : www.echoofhiscall.org
✶ ऑनलाइन कक्षाएं उपलब्ध हैं ✶

GREAT COMMISSION PARTNERS
ECHO OF HIS CALL MINISTRIES
SINCE 1969

# મહાન આદેશના ભાગીદારો

વહેંચવું (ગલાતીઓને પત્ર ૬:૨), મદદ કરવી (રોમનોને પત્ર ૧૨:૧૩), અને ઝડપ કરવી (રતિમોથીને પત્ર ૧:૬)

**સ્તુતિ તથા પ્રાર્થનાના મુદ્દાઓ ૧૯ માર્ચ ૨૦૨૩ થી ૧૮ એપ્રિલ ૨૦૨૩ સુધી**

(મેહરબાની કરીને આ પાન કાઢો, તેને વાળો અને તે તમારા બાઈબલમાં મૂકો અને નિરંતર પ્રાર્થના કરો)



## ✝ સ્તુતિનાં મુદ્દાઓ

**૧૯ માર્ચ** : અમારી **સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન સ્કૂલ, નહેમ્યા બાઈબલ કોલેજ** અને **ઈશ્વરવિદ્યાના પત્રવ્યવહાર અભ્યાસક્રમ**ની સર્વ પ્રવૃતિઓ માટે.

**૨૦ માર્ચ** : અમારી મંડળીના કાર્યકરોના તા. ૧૬.૧.૨૦૨૩ના રોજ ભરાયેલી સભા પરના આશીર્વાદો માટે.

**૨૧ માર્ચ** : **ઈકો ઓફ હીજ કોલ** યૂટ્યૂબ ચેનલના નવા ગ્રાહકોના આશીર્વાદ માટે.

**૨૨ માર્ચ** : અમારા કાર્યકરોનાં કુટુંબો પર વરસાવેલા તેમના આશીર્વાદો માટે.

**૨૩ માર્ચ** : સર્વ મંડળીઓમાં કોઈપણ સંપ્રદાયના હોય તો પણ, તેમના જુવાનો અને બાળકો મધ્યે ધાર્મિક જાગૃતિ માટે.

**૨૪ માર્ચ** : દૂરસ્થ વિસ્તારોમાં ઈશ્વરના કાર્યમાં પ્રવૃત મિશનરીઓ અને તેમના કુટુંબો માટે.

**૨૫ માર્ચ** : અમારા વડીલ પાળક એસ. સામ સેલ્વરાજની ભારતમાં તથા પરદેશમાં વિવિધ સ્થળોએ સફળ મુલાકાતો માટે જે આશીર્વાદિત રહી હતી તે માટે.

**૨૬ માર્ચ** : અમારા પ્રાર્થના ભાગીદારો, લવાજમ ભાગીદારો, વિશ્વાસના ભાગીદારો, જીવનના ભાગીદારો, મહાન આદેશના ભાગીદારો પર અને તેમના કુટુંબો પરના આશીર્વાદો માટે.

**૨૭ માર્ચ** : ૧૯૬૯થી અમારી સામયિક મિનિસ્ટ્રી પ્રત્યે અમારી સર્મપિતતા પર તેમના આશીર્વાદો માટે.

**૨૮ માર્ચ** : અમારા સુવાર્તા છાપખાના માટે અને તેમાંના કાર્યક્ષમ કાર્યકરોના સતતના કાર્ય માટે.

**૨૯ માર્ચ** : આપણા **ઈકો ઓફ હીજ કોલ** સહસંપાદકો અને તેમના કુટુંબો માટે.

**૩૦ માર્ચ** : મિશનરીઓને નાણાકીય અને પ્રાર્થના સહાયતા પૂરી પાડવામાં અમને સક્ષમ કર્યા તે માટે.

**૩૧ માર્ચ** : બાઈબલના છાપકામ માટે અને ખ્રિસ્તી સાહીત્યના છાપકામ સાથે સંકળાયેલા દુનિયાભરના લોકોની જરૂરીયાતો પૂરી પાડવા માટે.

**૦૧ એપ્રિલ** : અમારા ભાગીદારો માટે જેઓ તેમની વ્યક્તિગત જરૂરીયાતો મધ્યે અમારી મિનિસ્ટ્રીજને નાણાકીય રીતે સહાયતા કરી રહ્યા છે તેના પરના આશીર્વાદો માટે.

**૦૨ એપ્રિલ** : અમારા વડીલ પાળક એસ. સામ. સેલ્વરાજ અને તેમના કુટુંબ પરના દૈવી રક્ષણ અને સારી તંદુરસ્તી સાથેની આશીર્વાદિ માટે.

**૦૩ એપ્રિલ** : મિશનરીઓ દ્વારા મજબૂત ખ્રિસ્તી સિધ્ધાંતો પર આધારિત શાળાઓ સાથે વિશ્વને આશીર્વાદિત કરવા માટે.

## ✝ પ્રાર્થનાનાં મુદ્દાઓ

**૦૪ એપ્રિલ** : દુનિયાભરની મંડળીઓમાં ધાર્મિક જાગૃતિ માટે.

**૦૫ એપ્રિલ** : અનપેક્ષિત કુદરતી આફતો સામે રક્ષણ માટે.

**૦૬ એપ્રિલ** : મુખ્ય મંડળી તથા શાખા મંડળીઓ સાથે સંકળાયેલા **ઈકો ઓફ હીજ કોલ**ના વિશ્વાસીઓ અને તેમના કુટુંબોના કલ્યાણ માટે.

**૦૭ એપ્રિલ** : અમારી મુખ્ય મંડળી તથા શાખા મંડળીઓમાં થનારી શુભ શુક્રવારની તથા ઈસ્ટરની ભજનસેવાઓ માટે.

**૦૮ એપ્રિલ** : અમારી નિવાસી અને સાંધ્ય **નહેમ્યા બાઈબલ કોલેજ**ના વિદ્યાર્થીઓની શિસ્તતા અને સર્મપિતતા માટે.

**૦૯ એપ્રિલ** : માદક દ્રવ્યના વ્યસનથી બાળકો અને જુવાનોના રક્ષણ માટે.

**૧૦ એપ્રિલ** : દુનિયાભરમાં બાળકો અને જુવાનોમાં વધતી ખરાબ ટેવોની સામે રક્ષણ માટે.

**૧૧ એપ્રિલ** : અમારા **સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન સ્કૂલ**ના ૧૦મા ધોરણના વિદ્યાર્થીઓ માટે જેઓ તેમની રાજ્ય સરકારની પરીક્ષા આપી રહ્યા છે, તે માટે.

**૧૨ એપ્રિલ** : દુનિયાભરમાંથી બાળકોની હેરાફેરીને નાબૂદ કરવા માટે.

**૧૩ એપ્રિલ** : શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ માટે અમારી **સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન સ્કૂલ**માં નવા વિદ્યાર્થીઓના પ્રવેશ માટે.

**૧૪ એપ્રિલ** : અમારી **નહેમ્યા બાઈબલ કોલેજ**ના પદવીદાન સમારંભ માટે, જે તારીખ ૩જી જુન, ૨૦૨૩ના રોજ થનાર છે, તે માટે.

**૧૫ એપ્રિલ** : આ મહિના માટે સર્વ નાણાકીય જરૂરીયાતો પૂરી પાડવા માટે.

**૧૬ એપ્રિલ** : શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ માટે અમારી નિવાસી તથા સાંધ્ય **નહેમ્યા બાઈબલ કોલેજ**માં લાયક વિદ્યાર્થીઓના પ્રવેશ માટે.

**૧૭ એપ્રિલ** : અમારા વડીલ પાળક એસ. સામ સેલ્વરાજને તેમની વિવિધ બહુરૂપી મિનિસ્ટ્રીજના નવા દર્શનમાં આશીર્વાદિત કરવા માટે.

**૧૮ એપ્રિલ** : દુનિયાના સર્વ દેશોના રાષ્ટ્રપતિઓ, વડાપ્રધાનો, મુખ્ય પ્રધાનો અને સાંસદ સભ્યો માટે.

(પાન ૪ પરથી આગળ...)

જ્યાં માર્ગ નથી ત્યાં ઈશ્વર માર્ગ કરશે. તે કદાચ દૂર ન હોય. ઈશ્વર તેમના દૂતોને તમારું રક્ષણ કરવા મોકલશે. દૂતો તમારા માટે કામ કરી રહ્યા છે. તેઓ પથ્થરોને દૂર કરશે, જે તમારા આશીર્વાદોને અવરોધે છે અને તમને પ્રભુના આશીર્વાદોનો આનંદ માણવામાં સહાય કરશે અને દૂતો તે પથ્થરો પર બેસી રહેશે. તમે ઈશ્વરના આશીર્વાદોના દ્વાર પર છો. સ્થિર રહો. **તમારી દિલગીરી થોડા સમયમાં આનંદરૂપ થઈ જશે!**



## આપણા ખોટા સિધ્ધાંતો !

ઈશ્વરના બાળકો, આનંદિત રહો! જે કંઈ તમારા માર્ગોને અવરોધે છે, આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્ત તેમને દૂર કરવા સામર્થ્યવાન છે. માનવજાતિના આશીર્વાદની ચાવી દુનિયાના કોઈ માણસો પાસે ઉપલબ્ધ નથી. તે ચાવી ફક્ત આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્ત પાસે જ છે. તમારી સર્વ પીડાઓ તેમની પાસે છોડી દો. જો આપણે તેમનાથી દૂર જઈશું, તો તે બાબત ઘણી બધી દિલગીરીઓ અને પીડાઓ લાવશે. તમારામાંના કેટલાક તમારા વ્યક્તિગત જીવનમાં તથા ઈશ્વરના સેવાકાર્યમાં પાછા હઠી ગયા છે. આ ઘણી મોટી ભૂલ છે. પ્રભુએ તમને ગરીબીમાંથી અને ઊંડા ખાડામાંથી ઉઠાવ્યા છે અને ઊંચે સ્થાનોએ બેસાડ્યા છે. તમે કેવી રીતે નકાર કરી શકો? આ ભૂલો ન કરવા વિશે સાવચેત રહો. પસ્તાવો કરો! ત્યારે તમારી દિલગીરી ચોક્કસ આનંદરૂપ થઈ જશે.



## પ્રભુ જેઓ ખોવાયેલાઓને શોધે છે!

પ્રભુ ઈસુ ખ્રિસ્ત મુએલાંમાંથી ત્રીજે દિવસે પાછા ઉઠ્યા હતા. તો પણ તેમના શિષ્યો તેમના જૂના વ્યવસાય, માછીમારી તરફ પાછા ગયા હતા. આ કંઈક કોયડારૂપ છે. તો પણ પ્રભુએ તેમનો પ્રેમ દર્શાવ્યો હતો. જેમ અમે કહ્યુ તેમ શિષ્યો તિબેરિયાસના સમુદ્રમાં માછીમારી કરવા પાછા ગયા હતા. પ્રભુએ તેમની મુલાકાત લીધી હતી અને કહ્યું હતું કે, ''છોકરાઓ, તમારી પાસે કંઈ ખાવાનું છે?''

(આગળ પાન ૬ પર...)


# નહેમ્યાહ બાઈબલ સાંધ્ય કોલેજ
**ચેપોક તથા સંથોષપૂરમ, ચેન્નાઈ**

ECHO OF HIS CALL 1969-2019 (ECHO GROUP)

## માધ્યમ : તામિલ

Regd. Candidate for Membership ATA NEHEMIAH BIBLE COLLEGE CHENNAI ECHO OF HIS CALL Estd. 1969

સભ્યપદ માટે નોંધેલા ઉમેદવાર – ATA
આંતરરાષ્ટ્રિય ખ્રિસ્તી આગેવાનો અને વડિલ પાળકો
દ્વારા છેલ્લા ૫૩ વર્ષોથી માન્યતા પ્રાપ્ત.

**ઇશ્વર વિદ્યામાં સર્ટીફિકેટ : એક વર્ષ**
**ઇશ્વર વિદ્યામાં ડિપ્લોમા : બે વર્ષ**

**શૈક્ષણિક પાત્રતા : ૧૦મું અને વધુ**

પ્રવેશ લેવા ઝડપ કરો!
મહેરબાની કરીને સંપર્ક કરો

**Contact : The Chairman, Nehemiah Bible College.**
10, MOHAMMED ABDULLAH 2ND STREET, BELLS ROAD, CHEPAUK, CHENNAI - 600 005, INDIA.
Phone : (+91-44) 2852 8282, Cell : (+91) 98410 71852 / 95661 31858
E.mail : sam@echoofhiscall.org / Website : www.echoofhiscall.org

## અમારા મુખ્યાલયમાં ચાલતી અમારી મિનિસ્ટ્રીજને માટે કૃપા કરીને પ્રાર્થના કરશો.

૧. પ્રાર્થના ભજનસેવા – ૨૪ કલાકો.
૨. **બાઈબલકોર** – બાઈબલ પત્રવ્યવહાર અભ્યાસક્રમો અંગ્રેજી, તામિલ અને હિન્દી.
૩. **ઈકો ઓફ હીજ કોલ** – માસિક સામયિકો : અંગ્રેજી, તમિલ, મલયાલમ, તેલુગુ, હિંદી, મરાઠી, કન્નડ, બંગાલી, ગુજરાતી, ઉડીયા, આસામી, પંજાબી, નેપાલી, ઊર્દુ, સિંહાલા અને આફ્રિકન્સ
૪. નહેમ્યાહ બાઈબલ કોલેજો – (બે કેન્દ્રો) (સાંધ્ય / નિવાસી)
૫. ઈશ્વરવિદ્યાના પત્રવ્યવહાર અભ્યાસક્રમો – અંગ્રેજી અને તામિલ
૬. મહાન આદેશના ભાગીદારો – (પાળકોનું માળખું)
૭. તાલિમ કાર્યક્રમો
૮. ક્રુસેડો
૯. સાહિત્ય વિતરણ અને તેનું ફોલો અપ
૧૦. સુવાર્તા છાપખાનું – પ્રકાશનો
૧૧. સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન સ્કૂલ – ગ્રામ્ય અંગ્રેજી માધ્યમિક શાળા
૧૨. રવિવારની શાખા – રવિવારે સવારે ૮.૩૦ અને સાંજે ૪.૦૦ વાગે.
**૧૩. તામિલ ભજનસેવા – રવિવારે સવારે ૮.૦૦ વાગે અને ૧૦.૦૦ વાગે**
**૧૪. હિન્દી ભજનસેવા – રવિવારે સાંજે ૪.૦૦ વાગે**
**૧૫. તેલગુ ભજનસેવા – રવિવારે સાંજે ૫.૦૦ વાગે**
**૧૬. અંગ્રેજીને તામિલ ભજનસેવા – રવિવારે સાંજે ૬.૦૦ વાગે**
૧૭. પાળકોના સલાહ પરામર્શ – રવિવારે સાંજે ૪.૦૦ વાગે
૧૮. મહિલાઓની પ્રાર્થના – બુધવારે સાંજે ૫.૦૦ વાગે
૧૯. મધ્ય-અઠવાડિક બાઈબલ અભ્યાસ – બુધવારે સાંજે ૬.૩૦ વાગે
૨૦. પૂરૂષોની પ્રાર્થના – શુક્રવારે સાંજે ૫.૦૦ વાગે
૨૧. અનુશાસનતા બેઠકો – શનિવારે સાંજે ૬.૦૦ વાગે
૨૨. ગૃહ બેઠકસભા – મંગળવારે અને ગુરૂવારે સાંજે ૬.૩૦ વાગે
૨૩. ખાસ પ્રભુ ભોજન – મહિનાના પ્રથમ દિવસે સવારે ૬.૦૦ વાગે
૨૪. સેવકોની સમીક્ષા બેઠક – પ્રથમ શનિવારે સાંજે ૫.૩૦ વાગે
૨૫. માતાપિતાઓની પ્રાર્થના – પ્રથમ રવિવારે સાંજે ૪.૦૦ વાગે
૨૬. રાત્રી પ્રાર્થના – બીજા શુક્વારે રાત્રે ૯.૩૦ વાગે
૨૭. ઉપવાસ સાથેની પ્રાર્થના – ત્રીજા શનિવારે સવારે ૯.૩૦ વાગે
૨૮. પવિત્ર સહભાગીતા/પ્રભુ ભોજન – બીજા રવિવારની ભજનસેવા વખતે
૨૯. સવારની ભક્તિ – દરરોજ સવારે ૫.૦૦ વાગે
૩૦. કર્મચારીઓની તાલીમ – દરરોજ સવારે ૯.૦૦ વાગે
૩૧. કાયાલય – સવારે ૯.૦૦ થી રાત્રે ૯.૦૦ (રવિવાર સિવાય)

## ઇકો ઓફ હીજ કોલ પત્રવ્યવહાર અભ્યાસક્રમો

### ૧. બાઈબલકોર

અમે બાઈબલના મૂળભૂત સત્યો પર આધારિત પત્રવ્યવહાર અભ્યાસક્રમ નવા ખ્રિસ્તીઓ માટે અને બીન-ખ્રિસ્તીઓ માટે રજૂ કરીએ છીએ- અંગ્રેજીમાં-૫૭ પૃષ્ઠો, હિન્દીમાં-૭૬ પૃષ્ઠો અને તામિલમાં-૯૬ પૃષ્ઠોનો. તમને અભ્યાસક્રમનું પુસ્તક, જેનું નામ છે, "નવુ જીવન-તમારા માટે" એ મળશે. આ અભ્યાસક્રમની સમાપ્તિ પછી તમને એક સર્ટીફીકેટ આપવામાં આવશે. આ માટે કોઈ ફરજીયાત શૂલ્ક નથી. તમે આશીર્વાદિત થશો!

### ૨. ઈશ્વરવિદ્યાનો પત્રવ્યવહાર અભ્યાસક્રમ

અગ્રિમ અંતર શિક્ષણ જે **ઈશ્વરવિદ્યાનો પત્રવ્યવહાર અભ્યાસક્રમ** તરીકે ઓળખાય છે, તે અંગ્રેજીમાં ૫૩૭ પૃષ્ઠો અને તામિલમાં-૬૫૨ પૃષ્ઠો સાથે પાળકો, સુવાર્તિકો, ખ્રિસ્તી આગેવાનો અને લે આગેવાનો માટે ઉપલબ્ધ છે. રૂા.૧૦૦૦/- ફી શુલ્ક લેવામાં આવશે. ૧૪૯ પ્રકરણો સાથે ૭ પુસ્તકો આપવામાં આવશે. **મિનિસ્ટ્રીમાં સર્ટીફીકેટ** આપવામાં આવશે. ઇશ્વર તમને આશીર્વાદિત કરશે!

વધુ માહિતી માટે અમારા પર લખો

**The Chairman, Nehemiah Bible College,**
Echo of His Call, Post Box 2957
CHEPAUK, CHENNAI - 600 005.
Ph.: (044) 2852 8282, 2852 9293, 2854 7766,
Cell : 98410 71852, 95661 31858
E.mail : biblecor@yahoo.co.in

## ઈકો ઓફ હીજ કોલ
### માસિક સામયિક વિના મૂલ્ય મેળવવાની એક સારી તક

જો તમે તમારા મિત્રો, સંબંધીઓના સરનામા ટપાલથી, પત્રથી, ઈમેલથી, વોટ્સઅપથી અથવા ફોનથી અમારા પર મોકલશો, તો અમે **ઈકો ઓફ હીજ કોલ** માસિક સામયિક તેમના ઘરે વિના મૂલ્ય મોકલશું.

## કર મુક્તિ

કોઈ પણ વ્યક્તિ કે સંસ્થા દ્વારા **ઈકો ઓફ હીજ કોલ** શૈક્ષણિક ટ્રસ્ટને અપાયેલ દાનો આવકવેરા મુક્તિ હેઠળ સેક્સન ૮૦જી મુજબ કર મુક્તિને પાત્ર છે. આ માટે અધિકૃત રસીદ આપવામાં આવશે. મહેરબાની કરીને તમારા આવા દાનો ડિમાન્ડ ડ્રાફ્ટ / ચેકો / મનિઓર્ડર દ્વારા **ઈકો ઓફ હીજ કોલ** શૈક્ષણિક ટ્રસ્ટની તરફેણમાં લખો અને અમને મોકલી આપો.

| | | |
|---|---|---|
| Account Name | : | ECHO OF HIS CALL EDUCATIONAL TRUST |
| Account Number | : | 1023 2923 805 |
| Bank Name | : | STATE BANK OF INDIA |
| Branch | : | TRIPLICANE, CHENNAI - 600 005 |
| IFSC Code | : | SBIN 0000249 |
| SWIFT Code | : | SBI NIN BB 455 |



# ખાડામાંથી મહેલમાં

## Pit To Palace

(પાળક એસ. સામ સેલ્વરાજના જીવનનાં અનુભવો)

"જે વાંચે, તે સમજે" (માથ્થી ૨૪:૧૫)

# દૈવી મુલાકાત

DIVINE VISITATION!

ઈશ્વરની કૃપાથી, વર્ષ ૧૯૭૧માં, પ્રભુએ મને ચેપોક, ચેન્નાઈમાં રહેતા બીન-ખ્રીસ્તીઓ માટે બોજ આપ્યો હતો. જે લોકો આ વિસ્તારમાં રહેતા હતા, તેઓ સારા લોકો હતા અને તેમને ઈશ્વરમાં ઊંડો વિશ્વાસ હતો. તેઓ સખત મહેનત કરનારા હતા અને તેઓ રાતદિવસ કામ કરતા હતા. ચેપોકમાં ઘણા સીમાચિન્હો છે, ઘણા સિનેમાઘરો, ક્રિકેટ સ્ટેડિયમ, પોલીસ સ્થાનક, સુંદર મરીના સમદ્ર કિનારો, જે દુનિયાનો ૨જા ક્રમાંકનો લાંબો સમુદ્ર કિનારોં છે, કામારાજાર માર્ગ, જે રોયલ માર્ગ તરીકે પણ જાણીતો છે, વ્યસ્ત લાંબો અને ઘણો પ્રસિધ્ધ માઉન્ટ રોડ,, જે હવે અન્ના સલાઈને નામે ઓળખાય છે, લાઈટહાઉસ કે દીવાદાંડી, સચિવાલય, ઘણા મહત્વના રેલ્વે સ્થાનકો, એગમોર સ્થાનક અને સેન્ટ્રલ સ્થાનક, ઘણા સરકારી કાર્યાલયો, કુવન નદી, ઘણું જાણીતું સંથોમ દેવળ, પ્રેસીડન્સી કોલેજ, અન્ના મેમોરીયલ ઈમારત, વગેરે. આ જૂના ચેન્નાઈનો (મદ્રાસ) મહત્વનો ભાગ છે. હું તે વિસ્તારના ઘણા ગરીબ, ઘણા ધનવાન અને શિક્ષણશાસ્ત્રીઓના આત્મિક જીવન માટે ઘણો બોજ ધરાવતો હતો.

તેથી, મેં ઈશ્વરના મારા બે સહસેવકો સાથે દરરોજ રાત્રે ૮.૦૦ વાગેથી ૧૦.૦૦ વાગે સુધી પ્રાર્થના કરવાનું શરૂ ર્ક્યુ. તેમાંના એક હતા ભાઈ આઈ. ચંદ્રાસિંહ જે હવે પોન્ડીચેરીમાં ઉદ્યોગપતિ છે. બીજા હતા ભાઈ આઈ. મોસેસ પાકીયા મની, જેઓ હવે ચેન્નાઈમાં જાણીતા વેપારી માણસ છે. જ્યારે અમે અનુભવ્યું કે ચલચિત્રોએ લોકોને આ દુનિયામાં સપડાવ્યા છે. ત્યારે અમે પ્રાર્થના કરી કે ઈશ્વર આ ચલચિત્રો દેખાડનાર સિનેમાઘરોને કાઢી નાખો કે બંધ કરી નાખો.

કેવું આશ્ચર્ય! પ્રમાણિકતાથી હું જાહેર કરું છું! ઈશ્વરપ્રભુએ અમારી પ્રાર્થનાઓનો જવાબ આપ્યો છે. કેટલાક સિનેમાઘરો જેવા કે, પેરાગોન, સ્ટાર, એલ્બીસ્ટોન, દેવી, શાંથી, અન્ના, ચિથ્રા, આ સિનેમાઘરો બંધ પડી ગયા છે. તેથી અમે એ લોકોને સુવાર્તા જાહેર કરી શક્યા હતા, જેઓ ચલચિત્રો જોવા પાછળ ગાંડા હતા અને વાસનામય જીવનો જીવતા હતા. તેમાંના ઘણા ઈસુને સ્વીકારી શક્યા હતા અને પવિત્ર જીવનો જીવવાનું શરૂ ર્ક્યુ હતુ. પણ આ વિસ્તારમાં કોઈ દેવળ ન હતું. નવા બદલાણ પામેલાઓને કોઈ દેવળોમાં દોરવણી આપવા લઈ જઈ શકાતું ન હતું. અમે વિચાર્યુ હતું કે આ વિસ્તારમાં દેવળ હોવું અશક્ય છે. વર્ષ ૧૯૮૦માં, ઈશ્વરે અમને સક્ષમ ર્ક્યા કે અમે ચેપોકમાં, ભારતમાં, ઈશ્વરના દેવળની શાખા શરૂ કરી શક્યા હતા. પણ કોઈપણ રવિવારોએ જીવતા ઈશ્વરનું ભજન કરવા દેવળમાં આવવાની હિંમત કરી શક્યા ન હતા. મારી પત્નિ અને મારી દીકરી, જે તે સમયે નાની બાળકી હતી, તેઓ જ ફક્ત એ લોકો હતા, જેઓએ મારી સાથે લગભગ પાંચ વર્ષો સુધી ભજન ર્ક્યુ હતું. હું મારું અર્કોડીયન વગાડતો હતો. (એક સંગીત વાદ્ય), અને ઉપદેશ આપતો હતો. તે માટે મારો ઘણો વિરોધ થયો હતો.

એક સવારે ૮.૦૦ વાગે, મેં દેવળને સાફ ર્ક્યુ અને મારી ભજનસેવા શરૂ કરવાનો તે સમય થયો હતો. જો કે મેં તે દેવળને ભજનસેવા ભરાવવા તૈયાર ર્ક્યુ હતું, તો પણ હું તે વિચારો સાથે ભાંગી પડ્યો હતો કે, કોઈપણ ભજનસેવામાં હાજરી આપશે નહિ. તેથી, હું મારા શયનખંડમાં આરામ કરવા માગતો હતો અને હુ ત્યાં ગયો અને મારી આંખો બંધ કરી. હું ઊંઘી શક્યો નહિ. હું એક પ્રકારની સમાધિમાં ચાલ્યો ગયો અને મેં એક સ્વપ્ન જોયુ.

મેં મારા સ્વપ્નમાં જોયુ કે, મારું ઘર ચળકતા પ્રકાશોથી શણગારેલું હતું. હું મારા ઘરમાં મીઠાઈની મીઠી સુગંધ માણી શકતો હતો. અચાનક જ્યાં મેં જ્યાં મારી ભજનસેવા ભરાવવાની તૈયારી કરી હતી, ત્યાં એક ૫૦ વર્ષના વૃધ્ધ માણસ અંદર પ્રવેશ્યા. તેમણે લાઈટો અને પંખાઓ ચાલુ કર્યા. પછી તેઓ ઘુંટણિયે પડ્યા અને શાંતપણે પ્રાર્થના કરવાનું શરૂ ર્ક્યુ. પછી હું જોઈ શક્યો કે તે જગ્યા લોકોથી ભરાઈ ગઈ હતી.

હું જાગી ગયો અને ઉતાવળે, મેં મારી પત્નિ તથા દીકરીને બેલાવ્યા અને જ્યારે અમે દેવળમાં પ્રાર્થના કરવાનું શરૂ ર્ક્યુ, ત્યારે મેં અનુભવ્યું કે જે માણસ ત્યાં પ્રાર્થના કરી રહ્યો હતો, તે ગાયબ થઈ ગયો હતો. મેં અને મારી પત્નિએ અમારા પાપો કબૂલ કર્યા અને ભજનસેવા શરૂ કરી.



રેવ ડૉ. બેવિન લૉરેન્સ અને મિસેસ. સેરેના બેવિન

થોડી જ મિનિટોમાં, એક ભાઈ અને તેમની પત્નિ અને તેમનો દીકરો, બધા સફેદ વસ્ત્રોમાં હતા, તેઓ અમારી સાથે ઘૂંટણિયે પડ્યા. આ ભાઈ ડો. બેવિન લોરેન્સ છે, જે હવે ઘણું સેવાકાર્ય કરે છે, જેમનું મુખ્યાલય કોડાઈકેનાલમાં છે. તેઓ વૈદકીય ડોક્ટર અને બિશપ છે. તેમની પત્નિ શ્રીમતી સેરેના બેવિન છે, જેઓ ઈકો ઓફ હીજ કોલ સામયિકના સહસંપાદિકા છે. તેઓ સાથે મળીને ઘણા સેવાકાર્યો કરે છે.

તે દિવસથી, આગળ મેં મારી દેવળની ભજનસેવાઓ નિયમિત સમયે શરૂ કરવાની શરૂઆત કરી, ભલે લોકો ઓ કે ન આવે. હું આ બધુ મારા સાથી-કાર્યકરોને અને કોલેજના વિદ્યાર્થીઓને શીખવું છું. ઈશ્વર ભલા છે. ***

(પાન ૬ પરથી આગળ...)

જો કે 'શિષ્યોએ ઘણી મહેનત કરી હતી, તો પણ તેઓ કંઈપણ પકડી શક્યા ન હતા. મેં એવા લોકોને જોયા છે, જેઓ સેવાકાર્ય શરૂ કરે છે અને પછી કોઈક કારણોસર તે છોડી દે છે, અને દુન્યવી વ્યવસાયો શરૂ કરે છે. પણ તેમનો અંત ભયાનક હશે. કોઈએ પણ આવી ભૂલામાં પડવું ન જોઈએ.

પ્રભુએ તેમને સારા પ્રમાણમાં માછલીઓ પકડવા માટે થોડાક સલાહસૂચનો કર્યા. તેઓ ઉચ્ચતમ તારણહાર, ઈસુ ખ્રિસ્ત છે! ગહન ઉત્કૃષ્ટ તેડા દ્વારા, તેમણે તમને કૃપાદાનો અને તાલંતો આપ્યા છે અને ઉપર ઊઠાવ્યા છે. તમારી પ્રાર્થનાઓ દ્વારા કેટલા ભૂતોને તમે દૂર કાઢી નાખી શક્યા છો? કેટલા માંદગીમાંથી સજા થયા છે, જેઓ સાજા થઈ શકતા નહતા? કેટલીક મુશ્કેલીઓને કારણે કે દુન્યવી મોજશોખને કારણે, શું તમે ઈશ્વરના પ્રેમથી દૂર નાસી ગયો છો?

## થોડાક સમય માટે તમારા જીવનનો વિચાર કરો!

જે મુશ્કેલીઓ તમારા બાળકો અને બીજાઓ પર આવી પડી છે, તેમાંથી ઈશ્વરે કેવી રીતે તમને છોડાવ્યા છે? જ્યારે તમે માંદગી, નિષ્ફળતા, મુશ્કેલીઓથી અસર પામો છો, વિચાર કરો કે ઈશ્વર તેમના ચમત્કારોથી તમને કેવી રીતે છોડાવે છે. શું તેનો અર્થ એ નથી કે પ્રભુ તમારી સાથે છે અને તમારા પ્રત્યે ભલા છે, જો તમે એકવાર પણ તેમની સહાયતો આનંદ માણ્યો હોય તો? કૃપા કરીને તેમને છોડી દેશો નહિ અને તેમને તમારા જીવનમાં પ્રથમ સ્થાન આપો. તમારી દિલગીરી આનંદરૂપ થઈ જશે.




આપણે આપણા જીવનોમાં દરરોજ ઘણા તોફાનોનો સામનો કરીએ છીએ. તે તોફાનો ઘણી દીશાઓમાં, અલગ અલગ લોકો તરફથી અલગ પ્રકારની ઝડપે આવે છે. આપણે તોફાનો, પવન, વાવાઝોડું આવો ચક્રવાતનો સામનો કરીએ છીએ. અને આવો આપણે કેવા પ્રકારનું તોફાન છે તે, જ્યારે તે આવી પડે છે, આપણા જીવનમાં કેવા પ્રકારનો જખમ કરે છે અને આપણે ઈશ્વરના સામર્થ્યથી તેને કેવી રીતે હરાવી શકીએ છીએ, તે જોઈએ.

પરિસ્થિતિ વધારે બગડે તે પહેલા, આપણે કાર્ય કરવાની જરૂર છે. હુમલો થાય ત્યારે અને પરિસ્થિતિ હાથ બહાર જાય તે પહેલા ત્યાં આપણે માટે થોડી જગ્યા (સમય) છે. ઈશ્વર સર્વ બાબતો આપણા નિયંત્રણ હેઠળ લાવવા માટે તેમની કૃપા આપવા જેટલા ભલા છે. ઈશ્વર ઈચ્છે છે કે આપણે સર્વ ડહાપણ અને ખંત સાથે તે સંભાળીએ. હું અહિં તેને તોફાન કહું છું, સર્વ બાબતો અને લોકોથી જે સમસ્યાઓ આપણા મનમાં આવે છે, તે. જ્યારે ઊંચે ઉઠતા તોફાનને આપણે સમજીએ, ત્યારે સલામતીના પગલા નહિ લઈએ તો આપણે ડૂબી જઈશું. તેથી જ પ્રભુ ઈસુ ખ્રિસ્ત યોહાન ૯:૪માં આવનાર રાત વિશે વાત કરે છે. તે આવે તે પહેલા પ્રભુ ઈશ્વર તેમનું કાર્ય પૂર્ણ કરવા માગે છે. તેમણે તેમ કર્યુ હતું. શેતાન આપણને પાડી નાખવા રાહ જોઈને બેઠો છે. (પિતરનો ૧લો પત્ર ૫:૮). ઈશ્વર તમારા જીવન પર પૂર્ણ નિયંત્રણમાં છે, તે મનમાં રાખીને તમારા પડકારોનો સામનો કરો. ગુસ્સે ન થાઓ. દુઃખી ન થાઓ. સર્વ પરિસ્થિતિઓમાં ઈશ્વરની સ્તુતિ કરવાનો પ્રયત્ન કરો. ઈશ્વરની ખાતરીને પૂનરાવર્તિત કરો. ઈશ્વર મારી સાથે અને મારા માટે છે. હું તે છું જે સર્વ પરિસ્થિતિઓ પર કાબૂ મેળવી શકુ છું. આવો આકાશના ઈશ્વર તમ સર્વને આશીવાર્દિત કરો!

************

## ખાસ જાહેરાત

### અમને માનદ પ્રતિનિધિઓની જરૂર છે.

હાલમાં, અમારા ધ્યાનમાં આવ્યું છે કે, સિંહાલા, નેપાળી, ઉર્દૂ તથા આફ્રિકન્સ ભાષામાંના **ઈકો ઓફ હીજ કોલ** સામયિકના વાંચકો નોંધપાત્ર રીતે ઘણા ઓછા થઈ રહ્યા છે. આ કદાચ અમારા જૂના મિત્રોના જવાથી અને કદાચ તેમના નિવાસસ્થાનના સંભવિત સ્થળાંતરને કારણે થયું હોય.

અમે વાંચકો વધારે થાય તે માટેના માર્ગોનો અને માધ્યમોનો વિચાર કરી રહ્યા છીએ. પ્રયત્નોના માપદંડ તરીકે, અમે સિંહાલા, નેપાળી, ઉર્દૂ તથા આફ્રિકન્સ ભાષામાંના વાંચકો તરફથી માનદ પ્રતિનિધિઓની વિનંતી કરીએ છીએ, કે તેઓ,

૧. તેમની સંબંધિત ભાષામાં સામયિકો માટે વધુ ને વધુ વાચકોની નોંધણી કરે,
૨. વધુ નકલો છાપવા અને તેમના સંબંધિત દેશો / વિસ્તારોમાં તેમના વધુ વાચકોને મોકલવા આગળ આવે, અને
૩. નવા સરનામાની વ્યવસ્થા કરવા કેટલાક માનદ પ્રતિનિધિઓ ઊભા કરવામાં અને ફોટો કોપીઓ લઈને પરિવારોને અને મિત્રોને મોકલીને વિતરણને પ્રોત્સાહન આપવા માટે અમને મદદ કરે.

RNI NO. 70103/98, Postal Regn. No. TN/CH(C)/203/21-23 WPP NO. TN/PMG(CCR)/WPP-216/21-23

## ઈકો ઓફ હીજ કોલ

### યુટ્યુબ
### સબસ્ક્રાઈબ કરો

જ્યારે તમને સમય મળે ત્યારે કૃપા કરીને અમારી **ઈકો ઓફ હીજ કોલ યુટ્યુબ ચેનલ** જુઓ અને તેને સબસ્ક્રાઈબ કરો. આભાર

**– સંપાદક**

## OUR BANK DETAILS:

### *1. Bank : State Bank of India*

Branch : **Triplicane, Chennai-5**
Name : **S. Sam Selva Raj**
A/C No. : **1023 2934 679**
IFSC : **SBIN 00 00 249**
SWIFT CODE : **SBI NIN BB 455**

### *2. Bank : ICICI Bank*

Branch : **Anna Salai, Chennai-6**
Name : **Echo of His Call**
A/C No. : **6038 0502 2319**
IFSC : **ICIC 000 6038**

### *3. Bank : State Bank of India*

**(This Account is for Tax Exemption for Indians only )**

Branch : **Triplicane, Chennai-5**
Name : **Echo of His Call Educational Trust**
A/C No. : **1023 2923 805**
IFSC : **SBIN 00 00 249**

**Google Pay: 98410 71858**
**PayPal : SAM SELVA RAJ**
*****
**E.mail : sam@echoofhiscall.org**

## તેમના સાદનો પ્રતિસાદ

૧૬ ભાષાઓમાં પ્રકાશિત થતુ માસિક સામાયિક, બાઈબલ કોલેજો, પત્રવ્યવહાર અભ્યાસક્રમો, ચર્ચ પ્લાંટીંગ, ગ્રામ્ય અગ્રેજી માધ્યમિક સ્કુલ, સુવાર્તા છાપખાનું, ધર્મસભાઓ, પરિસંવાદો, સામાજીક સેવાઓ વગેરે.

**વાર્ષિક લવાજમ : રૂ.૧૦૦/-** **આજીવન લવાજમ રૂ.૨૦૦૦/-**

**તેમના સાદનો પ્રતિસાદ** (ઇકો ઓફ હીજ કોલ) મિનિસ્ટ્રીની અનેકવિધ પ્રવૃત્તિઓ તમારા જેવા દેવના લોકો દ્વારા મળનાર સ્વૈછીક દાનો પર આધારીત છે. જેમ ઈશ્વર તમને દોરે તેમ તમે ઈકો ઓફ હીજ કોલ અને તેની પ્રવૃત્તિઓને મદદ કરી શકો છો. અમને તમારી મદદની જરૂર છે જેથી અમે વણખેડાયેલા લોકો સુધી સુવાર્તા મોકલી શકીએ અને ચર્ચો ઉભા કરી શકીએ.

જો તમે **ઈકો ઓફ હીજ કોલ** (તેમના સાદનો પ્રતિસાદ) સામાયિક નિયમિતપણે મેળવવા માગો છો, તો મહેરબાની કરીને અમારા પર લખો. જ્યારે પણ તમે તમારૂં પત્રવ્યવહાર સરનામું અથવા ઈમેલ સરનામા બદલો, મહેરબાની કરીને અમને તમારા જુના અને નવા સરનામા જણાવશો.

**ઈકો ઓફ હીજ કોલ** (તેમના સાદનો પ્રતિસાદ) ૧૬ ભાષાઓમાં અમારી વેબસાઈટ પર ઉપલબ્ધ છે, તમે તે સાઈટ પર જઈને વાંચી શકો તેમજ ડાઊનલોડ કરી શકો અને આશિર્વાદ મેળવો.

તમારા પત્રો, પ્રાર્થના વિનંતિઓ અને તમારી નાણાંકીય મદદો મનીઓર્ડર, ચેક અથવા ડી.ડી.દ્વારા NEFT, PayPal (Sam Selva Raj, sam@echoofhiscall.org) Phone Pay (9841071858) GPay (9841071858) વેસ્ટર્ન યુનિયન, મનીગ્રામ વગેરે મારફત ઇકો ઓફ હીજ કોલ મિનિસ્ટ્રી પર નીચે દર્શાવેલ સરનામાપર મોકલી શકો છો.

મહેરબાની કરીને તમારા **ઘરનો ફોન/સેલ નંબરો, ઈમેલ સરનામા** અપડેશન માટે મોકલો.

અમારૂં સરનામું **ECHO OF HIS CALL**

10, MOHAMMED ABDULLAH 2ND STREET, CHEPAUK, CHENNAI - 600 005, INDIA
PH: (+91-44) 2852 8282, 2852 9293, 2854 7766/ Cell: (+91) 98410 71852, 95661 31858 / E.mails: sam@echoofhiscall.org / biblecor@yahoo.co.in
Websites: www.echoofhiscall.org / www.stpaulsmatriculation.com

**YOU CAN SEND YOUR DONATION ONLINE ALSO**

**RNI NO. 70103/98**
**Postal Regn. No. TN/CH/(C)/203/21-23**
**WPP NO. TN/PMG(CCR) / WPP- 216/21-23**
**Date of Publication: Third week of every month**
**Date of Posting : 15th & 16th of every month**
**Posted at "Egmore RMS / 1 Patrika Channel"**
**on 16th MARCH 2023**
**If un-delivered please return to:**
**ECHO OF HIS CALL (GUJARATI)**
**P.O. Box No. 2957,**
**Chepauk, Chennai - 600 005, INDIA.**
**Phone: (+ 91- 44) 2852 8282, 2852 9293, 2854 7766**

## *JESUS LOVES YOU!*

**To**

*GOD BLESS YOU!*

Owned and published by **S. Sam Selva Raj** from New No. 8 & 10, Old No.18 & 19, Mohammed Abdullah 2nd Street, Chepauk, Chennai-600 005 and printed by **S. Sam Selva Raj** at **Echo of His Call Printers,** New No. 8 & 10, Old No.18 & 19, Mohammed Abdullah 2nd Street, Chepauk, Chennai-600 005. Editor: **S. Sam Selva Raj.**